## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... લાલુ જેલમાં રહેશે એટલો સમય સમોસામાંથી આલુ ઓછા નીકળશે... શું સમજ્યા...!!

# ટ્રક લઈને ગોડાઉનમાં ચોરી કરવા જતી ગોધરા ગેંગનો સાગરીત પકડાયો

### સાંતેજ ખાતે દવાના ગોડાઉનમાંથી ૧૦૦ બોકસની થયેલી ચોરી સહિત છ ગુનાઓના ભેદ ઉકેલાયા : ગોધરા ગેંગના પાંચ સુત્રધારોના નામ ખુલ્યા : એલસીબીએ ઈન્ટ્રોગેશન શરુ કર્યું

ગાંધીનગર, તા.૭

રાજયના વિવિધ જિલ્લાઓમાં ફરીને ગોડાઉનો અને દુકાનોને ટાર્ગેટ બનાવી તેમાંથી જથ્થાબંધ માલસામાનની ચોરી કરતી ગોધરા ગેંગના સાગરીતને ગાંધીનગર એસસીબીની ટીમે શહેરના સેકટર-૧૧ પથિકાશ્રમ પાસેથી દબોચી લીધો છે. આ ગોધરા ગેંગ ટ્રક લઈને ગોડાઉનોમાં ચોરી કરવા જતી હોવાનું બહાર આવ્યું છે. ગોધરા ગેંગના અન્ય પાંચ સુત્રધારોના નામ પણ ખુલવા પામ્યા છે જે આધારે સુત્રધારોને પકડવા તજવીજ શરુ કરી છે.




ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની સુચનાથી તેમની ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ગઈ કાલે કોન્સ્ટેબલ નરેશકુમારને બાતમી મળી હતી કે ગોધરા ગેંગનો એક સાગરીત સે-૧૧ પથિકાશ્રમ પાસે ફરી રહ્યો છે. જે આધારે ટીમે વૉચ ગોઠવીને તેને પકડી પાડયો હતો. ગોધરાના સામલી વિસ્તારના સંજય ઉર્ફે ભોલીયો વસરામ વણકર નામના શખ્સની ધરપકડ કરી પુછપરછ કરતા તેણે દોઢેક મહિના પહેલા પોતાના સાગરીતો સાથે મળીને સાંતેજ ખાતે આવેલા ભાવના રોડવેઝના ગોડાઉનમાંથી ૧૦૦ જેટલા દવાઓના બોકસ (કિં. રૂ. ૩,૪૩,૦૦૦)ની ચોરી કરી હોવાની કબુલાત કરી છે. તેની પુછતાછમાં ગોધરા ગેંગના સુત્રધારોના નામો ખુલ્યા છે જેમાં અશફાક શેખ, રાજેન્દ્રકુમાર, ઈમરાન યુસુફ, અનસ શેખ અને મુસ્તાક ઉર્ફે મુન્નો સહીત પાંચના નામ ખુલ્યા છે. અશફાક શેખની ટ્રક નંબર ૬૮૨૨ લઈને આ ગેંગ અલગ અલગ વિસ્તારોમાં જઈ ગોડાઉનોના-દુકાનોના તાળા તોડી માલ સામાનની ચોરી કરી હોવાની કબુલાત કરી છે.

આ ગેંગે હિંમતનગર નજીક વિજાપુર તરફ જતા રોડ ઉપરથી સેન્ટીંગના ફર્મા તથા પતરાની ચોરી, અમદાવાદ નજીક અસલાલી રીંગ રોડ ઉપર આવેલા એક ટ્રાન્સપોર્ટનું તાળુ તોડી તેમાંથી ૩૦ થી ૩૫ જેટલા એસી અને કોમ્પ્રેસરના બોક્ષની ચોરી, દાહોદ ખાતે એક ટ્રાન્સપોર્ટના ગોડાઉનનું તાળુ તોડી ૬૦ થી ૭૦ જેટલા બુટ ચપ્પલ ભરેલા બોક્ષની ચોરી, અરવલ્લીના હરસોલ ચોકડી પાસે દુકાનનું શટર તોડી કરીયાણાના માલસામાનની ચોરી તેમજ તેની બાજુની દુકાનનું શટર તોડી તેમાંથી ૧૦ થી ૧૨ નંગ ઓઈલની ડોલ ચોરી કરી હોવાની કલુબલાત કરી છે. ગાંધીનગર એલસીબીની ટીમે ઊંડી પુછપરછ શરુ કરી છે.

# ગાંધીનગરની અવની મોદીને 'બેસ્ટ પરફોર્મન્સ ઓફ ધ યર'નો એવોર્ડ

### ચાર એવોર્ડસ સાથે 'કેરી ઓન કેસર' જીફા એવોર્ડ્સમાં છવાઈ : સુપ્રિયા પાઠકને બેસ્ટ એક્ટ્રેસ તથા મનોજ જોશીને બેસ્ટ એક્ટરનો એવોર્ડ

ગાંધીનગર, તા. ૭

ગુજરાતી ફિલ્મોના પ્રતિષ્ઠિત એવોર્ડ સમારોહ 'જીફા એવોર્ડ્સ'માં ગાંધીનગરની અભિનેત્રી અવની મોદી અભિનિત 'કેરી ઓન કેસર' ફિલ્મને ચાર એવોર્ડ પ્રાપ્ત થતા છવાઈ ગઈ હતી. અવની મોદીને 'બેસ્ટ આઉટ સ્ટેન્ડિંગ પરફોર્મન્સ ઓફ ધ યર ૨૦૧૭'નો એવોર્ડ પ્રાપ્ત થયો છે.

ગુજરાતી આઈકોનિક ફિલ્મ એવોર્ડના વર્ષ-૨૦૧૭ માટેનો એવોર્ડ વિતરણ સમારોહ અમદાવાદના કાંકરિયા ખાતેના 'ટ્રાન્સસ્ટોડિઆ'માં



યોજાયો હતો. અનેક વિભૂતીઓ, સ્ટાર પર્સનાલીટીઓ તથા વીવીઆઈપી મહેમાનોની ઉપસ્થિતિમાં જાહેર કરાયેલા એવોર્ડ્સમાં ચાર એવોર્ડ્સ સાથે 'કેરી ઓન કેસર' પ્રથમ સ્થાને રહી હતી. જ્યારે 'પપ્પા તમને નહી સમજાય' ફિલ્મ દ્વિતિય સ્થાને રહેવા પામી હતી. 'કેરી ઓન કેસર' ફિલ્મને બેસ્ટ ગુજરાતી ફિલ્મનો એવોર્ડ મળવા સાથે તેના લેખક વિપુલ મહેતાને 'બેસ્ટ સ્ટોરી', પીઢ અભિનેત્રી સુપ્રિયા પાઠકને 'બેસ્ટ એક્ટ્રેસ' તથા અવની મોદીને 'પરફોર્મન્સ ઓફ ધ યર'ના એવોર્ડ મળ્યા હતા. બેસ્ટ એક્ટરનો એવોર્ડ મનોજ જોશીને અને બેસ્ટ ડિરેક્ટરનો એવોર્ડ ધર્મેશ મહેતાને ફિલ્મ 'પપ્પા તમને નહી સમજાય' માટે મળ્યો હતો. આ ઉપરાંત બેસ્ટ મ્યુઝિક માટે 'મોર બની થનગાટ કરે'ના સચીન-જીગરને પ્રાપ્ત થયો હતો.

જીફાના પ્રેસિડેન્ટ હેતલ ઠક્કર અને વાઈસ પ્રેસિડેન્ટ અરવિંદ વેગડા દ્વારા છેલ્લા બે વર્ષથી ગુજરાતી ફિલ્મોને પ્રોત્સાહિત કરવા માટે આ એવોર્ડ્સનું આયોજન કરી રહ્યાં છે. આ વર્ષે વિવિધ ૨૨ કેટેગરીમાં કુલ ૬૧ ફિલ્મોની એન્ટ્રી આવી હતી. જેમાંથી દરેક કેટેગરીમાં છ-છ નોમિનેશન્સ અપાયા હતા. એવોર્ડ વિતરણ સમારોહમાં ગુજરાત સરકારના પ્રવાસન વિભાગના મંત્રી ગણપત વસાવા ઉપરાંત ગુજરાતી ફિલ્મોની જાણીતી હસ્તીઓ જેવી કે અરવિંદ રાઠોડ, અરવિંદ જોશી, રાગીણી શાહ, હિતુ કનોડિયા ઉપરાંત બોલીવુડ સેલીબ્રિટી અમીષા પટેલ અને મનોજ જોશી પણ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજયકક્ષાની કરાટે સ્પર્ધામાં ગાંધીનગરની ટીમ ચેમ્પીયન

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર - અમદાવાદ માર્ગ પર આવેલ કોબા પ્રેક્ષા વિશ્વ ભારતી ખાતે તાજેતરમાં રાજયકક્ષાની કરાટે સ્પર્ધા યોજાઈ હતી. આ કરાટે સ્પર્ધામાં રાજયભરમાંથી અનેક ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ગાંધીનગર શહેરની ટીમ પ્રથમક્રમે વિજેતા બની શહેરનું ગૌરવ વધાર્યું હતું. ગાંધીનગર શહેરના વિવિધ પ્રશિક્ષકોના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ગાંધીનગરની ટીમને વિજેતા બનાવી હતી. આ પ્રશિક્ષકોમાં સુરજ ત્રિપાઠી દ્વારા ચલાવવામાં આવતા કરાટે વર્ગોમાં ૩ ગોલ્ડ, ૩ સિલ્વર અને ૧ બ્રોન્ઝ મેડલ મેળવી ગાંધીનગરના ખેલાડીઓએ પ્રસંશનીય પ્રદર્શન કર્યું હતું. વિજેતા ખેલાડીઓએ તેમની શાળાના આચાર્ય તેમજ કોચ સુરજ ત્રિપાઠી તેમજ કરાટે એકેડમીના જિલ્લા નિયામક ગૌરાંગ રાણાએ ખેલાડીઓને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.






મકરસંક્રાંતિનો સમયદાન પૂર્ણ માટે શ્રેષ્ઠ સમય ગણાય છે. વળી, આ સમય મૂંગા અબોલ જીવો પ્રત્યે અનુકંપા દાખવવાનો પણ છે. પોષ મહિનામાં કૂતરાંના ગલુડિયા નાના હોય છે અને કડકડતી ઠંડીમાં તેમને અને તેમની માતાને પોષણક્ષમ આહારની જરૂરિયાત રહે છે. ધ્યાનમાં રાખીને આપણી સંસ્કૃતિમાં આ સમયે કૂતરાંને લાડુ બનાવી ખવડાવવાના કાર્યને પુણ્યકાર્યમાં સમાવાયું છે. શહેરમાં સેક્ટર-૫ ખાતેના રાધાકૃષ્ણ ભજન મંડળની મહિલાઓએ ચોખ્ખા ઘીના ૩૦ કિલો લાડુ બનાવ્યા હતા. તેમણે સારી ગુણવત્તાના વધુ ૩૦ કિલો લાડુ સેક્ટરની આસપાસની ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના પરિવારોના બાળકોના આહાર માટે પણ બનાવ્યાં હતા અને તેનું વિતરણ કાર્ય હાથ ધર્યું હતું.

# ચિલોડા પ્રાથમિક શાળા ખાતે શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ખાતે આવેલ ચિલોડા પ્રાથમિક શાળામાં તાજેતરમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની આરોગ્ય ટીમ દ્વારા ધો. ૧ થી ૮માં અભ્યાસ કરતાં બાળકોની પ્રાથમિક આરોગ્ય તપાસણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ હેઠળ શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રાંતિયા આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારી ડૉ. આશિષભાઈ પટેલ, મલ્ટી પરપર્પઝ હેલ્થ વર્કર દિનેશભાઈ પરમાર, ફેસીલેટરર જસ્મીનાબેન પટેલ, આશાવર્કર બહેનો તથા શાળાના શિક્ષક પરિવાર વગેરે ઉત્સાહભેર ભાગ લીધો હતો.



## ઈન્દ્રોડા પાર્ક ખાતે પ્રકૃતિપ્રેમીઓએ પક્ષી દર્શન કર્યું

શિયાળાની ઋતુમાં ઘણાં ખરા પક્ષીઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ હિજરત કરતા હોય છે. ગાંધીનગરના હાર્દસમા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે પણ ઠંડીની મોસમમાં આવા પક્ષીઓ જોવા મળતા હોય છે. આવી કડકડતી ઠંડીમાં પણ પ્રકૃતિપ્રેમીઓ તેમની આંખો ઠારવા વહેલી સવારે નીકળી પડે છે. ગીર ફાઉન્ડેશન દ્વારા દર શિયાળે પક્ષી દર્શનની શિબિરનું આયોજન કરવામાં આવે છે. જેમાં ગીર ફાઉન્ડેશનના અનુભવી વન્યજીવ નિરીક્ષકો તથા સંશોધકો દ્વારા પક્ષી પારિસ્થિતકી અને સંરક્ષણની સમજ તથા પક્ષી નિરીક્ષણની તાલીમ આપવામાં આવે છે. ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધી દર રવિવારે ચાલતા આ કાર્યક્રમમાં વહેલી સવારે પક્ષીપ્રેમીઓ અવનવા પક્ષીઓ નિહાળે છે. આજે પણ પ્રકૃતિપ્રેમીઓએ દૈયડ, સફેદ નેણવાળી નાચણ, દરજીડો, દેવચકલી, રાખોડી તેતર, થરથરો, હરિયાળ, દિવાળીઘોડો, સફેદપેટો કોષી, તુઈ, ચટકી માખીમાર, રાજાલાલ વગેરે પક્ષીઓને નિહાળી તેમના વિશે માહિતી મેળવી હતી અને ત્યારબાદ પક્ષીઓની શરીર રચના વિશેની મૂળભૂત માહિતી મેળવી હતી. બાળકોથી લઈને વૃદ્ધો પણ આમાં જોડાયા હતા.

# આજે જીએનએલયુ ખાતે 'ગીફ્ટ' માટેના સેકન્ડ રાઉન્ડ ટેબલનું આયોજન

ગાંધીનગર, તા. ૭

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી અને ગીફ્ટ સિટી વચ્ચે થયેલા એમઓયુ અનુસાર 'સેન્ટર ફોર બેંકિંગ એન્ડ ફાઈનાન્શિયલ લૉઝ'ના આયોજન માટેના સેકન્ડ રાઉન્ડ ટેબલનું તા. ૮મી જાન્યુઆરીએ સવારે ૧૧.૧૫ કલાકે આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજનની થીમ 'યુઝીંગ ડિસ્યુટ રિઝોલ્યુશન થ્રુ ધ સિંગાપોર ઈન્ટરનેશનલ આર્બિટ્રેશન સેન્ટર એટ ધ ગીફ્ટ' રાખવામાં આવી છે.

આ રાઉન્ટ ટેબલમાં મુખ્ય વક્તા તરીકે બોમ્બે હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ જસ્ટીસ મોહિત એસ. શાહ, બોમ્બે સ્ટોક એકસચેન્જના એમડી-સીઈઓ આશિષકુમાર ચૌહાણ, સિંગાપોર ઈન્ટરનેશનલ આર્બિટ્રેશન સેન્ટરના સાઉથ એશિયાડ પ્રણવ માગો તથા જીએનએલયુના ડાયરેક્ટર પ્રો. ડૉ. બિમલ એન. પટેલ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ગીફ્ટ અને જીએનએલયુ વચ્ચે પ્રાયોગિક સમસ્યાઓને મંત્રણા થકી ઉકેલવાના ચર્ચા હાથ ધરાશે.

# ગુજરાત સરકારના ૨૦૧૮-૨૦૧૯ના સામાન્ય બજેટનું કદ ૨,૦૦,૦૦૦ કરોડ પહોંચી શકે છે

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

ગુજરાત વિધાનસભાની રચના થયા પછી સરકારનું મહત્વનું કામ ૨૦૧૮-૧૯ના વર્ષનું સામાન્ય અંદાજપત્ર રજૂ કરવાનું હોવાથી સરકારના નાણા વિભાગમાં બજેટની દરખાસ્તો તૈયાર કરવાની સૂચના આપવામાં આવી છે. ગુજરાતનું ચાલુ વર્ષના બજેટનું કદ ૧,૭૨,૧૭૯ કરોડ રાખવામાં આવ્યું હતું જ્યારે રાજયનું ૨૦૧૮-૧૯ના વર્ષના બજેટનું કદ ૨,૦૦,૦૦૦ કરોડની આસપાસ હોવાની સંભાવના છે. નાણા વિભાગના સૂત્રો કહે છે કે નવા વર્ષના બજેટમાં ખેડૂતોની યોજનાઓને વધારે મહત્વ આપવું પડશે, કારણ કે ગ્રામ્ય વિસ્તારમાં ભાજપનો જનાધાર ઘટ્યો છે. રાજ્યના બજેટમાં તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સરકારની અધુરી યોજનાઓને પૂર્ણ કરવા માટેની દરખાસ્તો મંજૂર કરવામાં આવશે. સરકારની વેટની આવક સામે જીએસટીની આવકમાં જે ઘટાડો થયો છે તેને સરભર કરવા નાણામંત્રી નિતીન પટેલ જીએસટી સિવાયના વેરાઓમાં સુધારા કરી શકે છે. નવી યોજનાઓમાં અમદાવાદની મેટ્રોરેલને વધારે નાણાં ફાળવવામાં આવશે. સરકાર ગ્રામ્ય વિસ્તારોના બેરોજગાર યુવાનો માટે અલગથી સંખ્યાબંધ યોજનાઓ જાહેર કરી શકે છે.

**કોંગ્રેસ આવે છે...ના પાટીયાં હવે તો ઉતારો, ભાજપનો રંગ લાગે તે સારૂં નહીં**

**કોંગ્રેસ આવે છે... હવે તો માથામાં વાગે છે...**

ગુજરાતમાં ચૂંટણી પૂર્ણ થઈ છે પરંતુ કોંગ્રેસ આવે છે...ના પાટીયાં હજી જોવા મળે છે. સોશ્યલ સાઈટ્સ અને કોંગ્રેસની વેબસાઈટમાં પણ તે હજી મોજૂદ છે. આ પાટીયાં હવે ઉતારી લેવાની જરૂર છે. રાજ્યમાં ભાજપની સરકારમાં જે કાર્યક્રમ પૂર્ણ થયો હોય છતાં તે કાર્યક્રમના હૉર્ડિંગ્સ બીજી ઈવેન્ટ સુધી અકબંધ હોય છે. ખાસ કરીને સરકારી બસોમાં આ જાહેરાતો આખા વર્ષ સુધી જોવા મળતી હોય છે. ગાંધીનગરના માર્ગો પર હજી પણ વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૭ના હૉર્ડિંગ્સ દેખાય છે. પાટનગરને મેટ્રોરેલ આપવાની નથી છતાં છેલ્લાં પાંચ વર્ષથી ચ-ઝીરો સર્કલ થી રાજભવન જતા માર્ગોમાં મેટ્રોરેલના પાટીયા લગાવેલા છે. કાર્યક્રમ પૂર્ણ થયા પછી વર્ષો સુધી આવા હૉર્ડિંગ્સ જોવા મળે તે સરકારની સૌથી મોટી બેદરકારી છે. ઈવેન્ટ પૂર્ણ થયા પછીના બીજા દિવસે તે હૉર્ડિંગ્સ બદલાઈ જવું જોઈએ. કોંગ્રેસ આવે છે... એવા સૂત્રો જોઈને એવું લાગે છે કે કોંગ્રેસ પણ ભાજપના રસ્તે છે. કોંગ્રેસે હવે આવે છે... ને બદલે– માફ કરશો, કોંગ્રેસ આવી શકી નથી... તેવું લખવું જોઈએ.

**બિટકોઇન-રિપલની સચિવાલયમાં ચર્ચા...**

વિશ્વમાં વર્ચ્યુલ કરન્સી એ પોન્જી સ્કેમ જેવી છે તેવી ચિમકી ભારત સરકારે આપી હોવા છતાં ભારત અને ગુજરાતના યુવાનો બિટકોઈન અને રિપલ જેવી ક્રિપ્ટો કરન્સી પાછળ પાગલ થયા છે. બિટકોઈનમાં રોજના કરોડો રૂપિયાની ઉથલ-પાથલ થઈ રહી છે. આ કરન્સીએ ભારત સરકારની જેમ ગુજરાત સરકારની આંખ પણ ખોલી છે છતાં સરકારો કે તેમની નાણાકીય તપાસ સંસ્થાઓ હેલ્પલેસ છે. સરકાર એવું કહીને આશ્વાસન લઈ રહી છે કે—આ કરન્સીમાં રોકાણ જરાય સલામત નથી અને જો રૂપિયા ગુમાવ્યા કે ફ્રોડ થયો તો કોઈ જગ્યાએ ફરિયાદ કરી શકાશે નહીં. હાલની સ્થિતિએ વિશ્વમાં ૧૩૮૧ જેટલી કરન્સી બહાર પડેલી છે જે હકીકતમાં કોઈ ચલણ નથી પણ વર્ચ્યુલ મની છે. વિશ્વના ઘણાં દેશોમાં તે શોપિંગ માટે ઉપયોગમાં લઈ શકાય છે પરંતુ ભારતમાં હજી તેનાથી શોપિંગ કરી શકાતું નથી. ગુજરાતના સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટે ક્રિપ્ટો કરન્સી અંગે એક પ્રેઝન્ટેશન બનાવવાનું નક્કી કર્યું છે જે સરકારમાં રજૂ કરાય તેમ મનાય છે.

**ફરી પાછી બદલીની મોસમઃ પરફોર્મન્સમાં નબળાં ઓફિસરો હશે તે બદલાશે**

**લ્યો પાછી બદલીઓની મોસમ આવી રહી છે...**

ગુજરાતમાં નવી સરકારની રચના થઈ છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી ટૂંકસમયમાં બદલીઓની ફાઈલ ક્લિયર કરે તેમ મનાય છે. ચૂંટણી પૂર્વે જે જિલ્લાઓમાં વહીવટીય ફેરફારો કરવામાં આવ્યા હતા તે પાછા રિવાઈઝ કરવાનો સમય આવી ગયો છે. આશ્ચર્યની બાબત એવી છે કે ભાજપને સાત જિલ્લામાં એકપણ બેઠક મળી નથી અને બીજા સાત જિલ્લામાં એક કે બેઠકથી સંતોષ માનવો પડ્યો છે. ભાજપની રાજકીય પાંખ એવું અનુમાન કરે છે કે જિલ્લામાં જે વહીવટી ઓફિસરોની નિયુક્તિ કરી હતી તેઓએ પરફોર્મન્સ બતાવ્યું નથી. રાજ્ય સરકાર જિલ્લા કલેકટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ તેમજ પોલીસ અધિક્ષકની બદલીઓની ફાઈલ તૈયાર કરી રહી છે જેમાં નબળી કામગીરી હશે તે ઓફિસરોની ટ્રાન્સફર નક્કી છે. એટલે કે જાન્યુઆરી મહિનાના અંત સુધીમાં અને બજેટ સત્ર પૂર્વે મુખ્યમંત્રી બદલીઓનો દોર શરૂ કરે તેમ મનાય છે. હાલ સચિવાલયમાં એવા ઓફિસરોની યાદી બની રહી છે કે જેમના જિલ્લામાં ભાજપનો નબળો દેખાવ રહ્યો છે.

**લોકસભા ચૂંટણી પૂર્વે લિટમસ ટેસ્ટ આવી રહ્યો છે...**

ગુજરાતમાં ૨૦૧૫ની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી પછી ફેબ્રુઆરી મહિનામાં આવી રહેલી સ્થાનિક ચૂંટણીમાં ભાજપની ફરી કસોટી થવાની છે. પહેલાં આનંદીબહેન પટેલના શાસનમાં ભાજપનું ધોવાણ થયું હતું. આજે ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી પછી સ્થિતિ એવી છે કે ગ્રામ્ય વિસ્તારમાં હજી પણ કોંગ્રેસે પક્કડ જાળવી રાખી છે. આવતા મહિને ૭૫ પાલિકા, બે જિલ્લા, ૧૭ તાલુકા પંચાયત અને ૧૪૦૦ ગ્રામ પંચાયતોની મીની ચૂંટણી છે. આ ચૂંટણી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીનો લિટમસ ટેસ્ટ હશે. જે પાલિકામાં ચૂંટણી છે તેમાં સૌથી વધુ ૫૯ પાલિકામાં હાલ ભાજપની સત્તા છે. ૧૭ પૈકી ૧૩ તાલુકા પંચાયતમાં ભાજપ છે, જ્યારે બે જિલ્લા પંચાયત- બનાસકાંઠા અને ખેડા પણ ભાજપ પાસે છે. રાજ્યમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી પાર્ટીના સિમ્બોલ પર લડવામાં આવતી નથી તેથી ક્યાં કોણ છે તેની ખબર પડતી નથી. ૨૦૧૫ના સ્થાનિક ચૂંટણીના પરિણામો જોઈએ તો મોટાભાગે કોંગ્રેસે તાલુકા અને જિલ્લા પંચાયતો કબજે કરી હતી. ૨૫ ટકા પાલિકા કોંગ્રેસને ફાળે આવી હતી. હવે ફેબ્રુઆરીમાં ચૂંટણી હોવાથી બન્ને પાર્ટીઓએ ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

**લેનમાં રહો, નહીં તો કાયમી લેન બહાર જશો...**

ગુજરાતના શહેરોમાં નવી દિલ્હી અને મુંબઈ જેવી લેનસિસ્ટમ લાગુ કરવા સરકાર તૈયાર બની છે. રાજ્યના વાહનવ્યવહાર અને ગૃહ વિભાગ પાસેથી એક રિપોર્ટ મંગાવ્યો છે અને તેમાં અમદાવાદ સહિતના શહેરોમાં માર્ગો પર લેનસિસ્ટમ લાગુ કરવામાં આવનાર છે. ગુજરાતના પાટનગર ગાંધીનગરથી લેનસિસ્ટમ લાગુ કરવામાં આવશે અને પછી અમદાવાદ, સુરત, વડોદરા અને સુરત જેવા મોટા શહેરોમાં તે ફરજીયાત લાગુ કરવામાં આવશે. લેનસિસ્ટમ તોડનાર વાહનચાલકને લાયસન્સ જપ્તી સુધીના પગલાં વિચારવામાં આવી રહ્યાં છે. જે વાહનો લેનમાં નહીં ચાલે અથવા તો ખોટી રીતે ઓવરટેઈક કરતા જણાશે તો તેમને દંડ, જેલ અને લાયસન્સ સસ્પેન્ડ કરવા સુધીના પગલાં લેવા સરકાર વિધાનસભાના બજેટ સત્રમાં સુધારો લાવી રહી છે. ગુજરાતની ટ્રાફિક પોલીસ શરૂઆતમાં વાહનચાલકોને લેનમાં રહેવા સમજાવશે અને ચાલકો નહીં માને તો કાયદાનો ડર બતાવશે અને તમામ વાહનો લેનમાં ચાલે તે જોવા માટે ટ્રાફિકની મોબાઈલ વાન ફરતી રાખવામાં આવશે.

**લાલચ બહુત બુરી બલા હૈઃ બિટકોઇન અને રિપલ સચિવાલયમાં પણ મશહૂર**

**શહેરોના મત અલગ હોવાથી ઓફિસરો મૂંઝાય છે...**

ગુજરાતમાં શહેરી પરિવહન સેવાને વધારે મજબૂત બનાવવા માટે શહેરી વિકાસ વિભાગ કામ કરે છે પરંતુ રાજ્યના શહેરોમાં જમીન સંપાદન કરવામાં ભિન્ન-ભિન્ન મતો જોવા મળે છે. સુરત એક એવું શહેર છે કે લોકો જમીન સંપાદનની પ્રક્રિયામાં સરકારને સાથ આપે છે, કારણ કે સુરતીઓ એવું માને છે કે રસ્તો કાઢવાથી જમીનના દામ સોનાની લગડી જેવા થઈ જશે. તેઓ વિરોધ કરતા નથી.ભૂજમાં તો ઓફિસરને ધમકીની ભાષા આપીને ચૂપ કરી દેવામાં આવે છે. લોકોથી ભરચક એવા રાજકોટના નાગરિકો રસ્તો કાઢવા માટે જમીન તો આપતા નથી પરંતુ બીજાને પણ જમીન આપવા દેતા નથી. વડોદરા શહેરને થોડી સુરતની અસર લાગી છે. વડોદરાની જનતાને વિકાસમાં રસ છે પરંતુ પોતાની જમીનમાં નહીં પણ બાજુની જમીનમાંથી રસ્તો કાઢો એવો મત મૂકે છે. અમદાવાદની જનતા અને પ્રોપર્ટી માલિકો મોડરેટ છે. રસ્તો કે હાઈવે નિકળતો હોય તો પહેલાં થોડી રકઝક થાય છે પરંતુ જેવી લાલચ બતાવવામાં આવે તેઓ માની જાય છે. ગાંધીનગરમાં તદ્દન ભિન્ન સ્થિતિ છે. ગાંધીનગરમાં નવા ડેવલપ્ડ વિસ્તારમાં જમીન ધારકો ખૂબ વિરોધ કરે છે. વાંધા-વચકા કાઢે છે પરંતુ આખરે મંજૂરી આપે છે પણ તે શરતી મંજૂરી હોય છે.